
Manav Mandir ni Seva
Amba Health Centre & Hospital


# જી.ઈ.આર.ડી




ગેસ્ટ્રો એસોફેજલ રીફ્લક્સ ડિઝીઝ એ એક રોગ છે, જેમાં જઠરમાં બનતું એસિડ અન્નનળીમાં ઉપર પાછું આવે છે.


# કારણો

•જઠરના એસિડને પાછા આવતા અટકાવનાર અન્નનળીના વાલ્વની નબળાઇ.




મોટી માત્રામાં ખાવું અથવા મોડી રાત્રે ખાવું.

જમ્યા પછી તરત જ સૂઈ જવું.




સ્થૂળતા.

ચરબીયુક્ત ખોરાક અથવા મસાલેદાર ખોરાક.




ધૂમ્રપાન અથવા સેકન્ડ હેન્ડ સ્મોકિંગ.

દારૂનું સેવન.



સગર્ભાવસ્થા.

હાયટસ હર્નીયા.



કાર્બોનેટ પીણાં અને કેફીનયુક્ત પીણાં.

અમુક દવાઓ.




# લક્ષણો

છાતીમાં બળતરા થવી.

છાતીમાં દુખાવો થવો.

શ્વાસની તકલીફ થવી.



મોઢામાં ખાટું પાણી આવવું.

ગળામાં દુ:ખાવો થવો.

ઓડકાર આવવા.



શ્વાસમાં દુર્ગંધ આવવી.

પેટમાં ભરાવો લાગવો.

ઊબકા આવવા.








# કોમ્પલીકેશન

૦૧



અન્નનળીનો સોજો – અન્નનળીની ચામડીમાં સોજો જે રક્તસ્રાવ અને અલ્સર તરફ દોરી જઈ શકે છે.


૦૨



અન્નનળી સાંકડી થવી – વારંવાર ચાંદા પડતા અન્નનળી સાંકડી થવાથી ગળવામાં તકલીફ થઇ શકે છે.


બેરેટ ઇસોફેગસ - પેટના એસિડથી લાંબા સમયના નુકસાનને કારણે અન્નનળીના અસ્તરમાં કેન્સરની પહેલાના સ્ટેજ જેવા ફેરફારો થઇ શકે છે.


૦૩



૦૪

લાંબા સમય સુધી ચાલતી ઉધરસ અથવા અસ્થમા થઇ શકે છે.





# નિદાન




રોગના લક્ષણો, તીવ્રતા અને વધારનાર અને ઘટાડનાર પરિબળો વિષે ડોક્ટર દ્વારા પૂછતાછથી ઘણા બધા દર્દીઓમાં આ રોગ પકડાઈ શકે છે.


તપાસો:


૧. એન્ડોસ્કોપી - અન્નનળીમાં એક કેમેરો ઉતારી પેશીઓને નુકસાન અથવા કોઈપણ અસામાન્ય વૃદ્ધિની તપાસ કરવી.

૨. ઇસોફેજીયલ મેનોમેટ્રી - આહાર કે પાણી ગળતી વખતે અન્નનળીના સ્નાયુઓના લયને ચકાસવા માટે તપાસ.







3. અન્નનળીમાં એસીડના પ્રમાણનો અભ્યાસ - એક પરીક્ષણ કે જે તમારા અન્નનળીમાં એસિડ ક્યારે અને કેટલો સમય રહે છે તે તપાસે છે.

૪. બેરીયમ સ્વાલો - અન્નનળી સાંકડી બની રહી છે કે નહીં તે શોધવા માટે તપાસ.

# ઉપચાર અને પ્રિવેન્શન

## ૧ જીવનશૈલીમાં ફેરફાર:

o જી.ઈ.આર.ડી. વધારનાર ખોરાક લેવાનું ટાળો.




o હળવો આહાર લો.

o ભોજન પછી ૩ કલાક માટે સુવું કે આડું પડવું નહીં.



o ધૂમ્રપાન અને દારૂ નિષેધ.


o વજન ઘટાડવો




o ઊંઘતી વખતે શરીરનો ઉપરનો ભાગ ઉંચો રાખવો.

## 2 દવાઓ

વિવિધ પ્રકારની એન્ટાસિડ દવાઓ લઇ શકાય છે.



## 3 શસ્ત્રક્રિયા - જો દવાઓ અને જીવનશૈલી ફેરફારથી ફાયદો ન થાય તો:



o નિસાન ફંડોપ્લિકેશન નામક સર્જરી કરી શકાય છે જેમાં સર્જન તમારા નીચલા એસોફેજલ સ્ફિન્ક્ટરની આસપાસ તમારા પેટના ઉપરના ભાગને લપેટી લે છે જેથી વાલ્વ જેવી કામગીરી ફરીથી બનાવી શકાય.

